***કચેરીના ઉપયોગ અર્થે***

# નવસારી કૃષિ યુનિવર્સિટી
## નવસારી–૩૯૬૪૫૦

# કૃષિલક્ષી વિડીયો ફિલ્મ(દસ્તાવેજી ચિત્ર)ની કામગીરી અંગેનું ટેન્ડર ડોકયુમેન્ટ

ટેન્ડર નંબર :........... ઈસ્યુ તારીખ :...................

NAVSARI AGRICULTURAL UNIVERSITY

**ભરેલ ટેન્ડર ફોર્મ મોકલવાની છેલ્લી તારીખ : ૧૪/૦૯/૨૦૧૭**

**—: ● ટેન્ડર સબંધી વધુ વિગત માટે સંપર્ક ● :—**

વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી**

એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦

ફોન નં.: (૦૨૬૩૭) ૨૮૨૦૨૬ ફેકસ નંબર.: (૦૨૬૩૭) ૨૮૨૭૦૬

ઈ–મેઈલ : dee@nau.in

વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી

# નવસારી કૃષિ યુનિવર્સિટી

એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦

# ટેન્ડર ડોકયુમેન્ટ

## કૃષિલક્ષી વિડીયો ફિલ્મ(દસ્તાવેજી ચિત્ર) તૈયાર કરવાની કામગીરી

નવસારી કૃષિ યુનિવર્સિટીનો મુખ્ય ઉદ્દેશ રાજયના ખેડૂતોની ખેતીમાં સુધારો લાવીને તેઓનો આર્થિક વિકાસ સાધવાનો છે. ખેતી અને ખેડૂતોના વિકાસ માટે યુનિવર્સિટી દ્વારા કૃષિ સબંધી શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણની બહુવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. કૃષિ સંશોધન કેન્દ્રો દ્વારા બહાર પાડવામાં આવતી નવીનતમ કૃષિ ટેકનોલોજી દક્ષિણ ગુજરાતના ખેડૂતો અપનાવે તે માટે તેઓને અભિપ્રેરિત કરવા સારું યુનિવર્સિટી હેઠળ વિવિધ વિસ્તરણ શિક્ષણ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવે છે.

આ ટેન્ડર હેઠળની મુખ્ય કામગીરીમાં મુખ્યત્વે કૃષિલક્ષી વિષયોનું ઈ–સાહિત્ય (વિડીયો સીડી) તથા યુનિવર્સિટી હેઠળ ચાલતી વિવિધ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ પ્રવૃત્તિઓની સિધ્ધીઓની ટૂંકી વિડીયો ફિલ્મો (ડોકયુમેન્ટરી) તૈયાર કરાવવાનો સમાવેશ થાય છે. સદરહુ કામગીરી માટે જરૂરી સ્ટોરી રાઈટીંગ, શુટીંગ, એટીડીંગ વિ.ની સંપૂર્ણ જવાબદારી ઉઠાવી શકે તેવી અનુભવી અને વ્યાવસાયિક પાર્ટીને બે વર્ષનો કોન્ટ્રાકટ આપવાનો છે. આ માટે રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે.

ટેન્ડર ડોકયુમેન્ટમાં નીચે કોઠામાં દર્શાવ્યા મુજબના પત્રકો/કાગળો સામેલ કરેલ છે.


| પત્રક નં. | પત્રકો/કાગળોનો વિષય/વિગત | પાના નં. |
|---|---|---|
| ૧ | દૈનિક પત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ ટેન્ડર નોટીસ | ૨ |
| ૨ | કૃષિલક્ષી વિડીયો ફિલ્મ(દસ્તાવેજી ચિત્ર)ના ટેન્ડરની શરતો અને બોલીઓ | ૩ |
| ૩ | એજન્સીની પ્રાથમિક માહિતી | ૭ |
| ૪ | કૃષિલક્ષી વિડીયો ફિલ્મ(દસ્તાવેજી ચિત્ર)તૈયાર કરવા માટેનું ભાવ પત્રક | ૮ |


–:–:–:–:–: –:–:–:–:–: –:–:–:–:–: –:–

# પત્રક નં. ૧

## દૈનિક પત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ ટેન્ડર નોટીસ

NAVSARI AGRICULTURAL UNIVERSITY

વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી**

એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦

### –: ટેન્ડર નોટીસ :–

નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકના શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ કેન્દ્રો માટે કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી ચિત્ર) તૈયાર કરવાનો વાર્ષિક રેટ કોન્ટ્રાકટ કરવાનો થાય છે. આ માટેનું ટેન્ડર ફોર્મ જાહેર રજાના દિવસો સિવાય કચેરી સમય દરમ્યાન અત્રેની કચેરી ખાતેથી રૂા.૧૫૦૦/–(અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા) રોકડા જમા કરાવી, ટેન્ડર ફોર્મ મેળવી ભરેલ ટેન્ડર ફોર્મ જરૂરી સાધનિક પુરાવા સહિત તા.૧૪/૦૯/૨૦૧૭ના રોજ સાંજે ૪.૦૦ કલાક સુધીમાં રજીસ્ટર એ.ડી./સ્પીડ પોસ્ટ/કુરીયરથી અત્રેની કચેરી ખાતે પહોંચતા કરવાના રહેશે. આ અંગેની અન્ય શરતો અને બોલીઓ અત્રેની યુનિવર્સિટીની વેબ સાઈટ www.nau.in પરથી જોઈ શકાશે.

તા. ૨૩/૦૮/૨૦૧૭ **વિસ્તરણ શિક્ષણ નિયામક**

# પત્રક નં. ૨

## કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી ચિત્ર)ના ટેન્ડરની શરતો ને બોલીઓ

### (અ) ટેન્ડર ભરવા સબંધી શરતો અને બોલીઓ :

૧. ટેન્ડર ભરનાર પાર્ટી રજિસ્ટર્ડ થયેલ હોવી જોઈએ અને પાર્ટી પાસે રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ, જીએસટી (GST) નંબર અને આવકવેરાનો PAN હોવો જરૂરી છે.

૨. પાર્ટીએ છેલ્લા ત્રણ વર્ષના ઈન્કમ ટેક્ષના રીટર્ન બીડવાના રહેશે.

૩. ટેન્ડર ભરનાર પાર્ટીએ ટેન્ડર ફોર્મ ફી પેટે રૂા.૧૫૦૦/–(અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા) રોકડા ચૂકવી અત્રેની કચેરી "વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતેથી ટેન્ડર ફોર્મ રૂબરૂ મેળવી લેવાનું રહેશે.

૪. ટેન્ડર ભરનાર પાર્ટીએ અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) પેટે "Professor (P), T&V Scheme, DEE, NAU, Navsari ના નામે રૂા.૧૫૦૦૦/–નો ડિમાન્ડ ડ્રાફટ ટેન્ડર ફોર્મ સાથે મોકલી આપવાના રહેશે. અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહિ. EMD પૂરેપુરી કે અંશતઃ નીચેમાંના કોઈ એક કે વધારે કારણોસર ફોરફીટ (જપ્ત) કરવામાં આવશે.
   (અ) ટેન્ડર ભરનાર પાર્ટી પોતાનું ટેન્ડર પરત ખેંચશે તો.
   (બ) જે પાર્ટીના ભાવો મંજૂર કરવામાં આવે અને તે પાર્ટી જો કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી ચિત્ર) તૈયાર કરવાનું સ્વીકારે નહિ તો.
   (ક) જો ઓર્ડર મળ્યા બાદ સીકયુરીટી ડીપોઝીટ સાત દિવસમાં ભરપાઈ ન કરે તો.

૫. ઈચ્છુક અરજદારે ટેન્ડર ફોર્મને ઓરીજીનલ/અસલ નકલમાં ભરીને જરૂરી જગ્યા પર સહી– સિકકો કરીને એક સીલબંધ કવરમાં રજીસ્ટર એ.ડી./સ્પીડ પોસ્ટ/કુરીયર મારફતે તા.૧૪/૦૯/૨૦૧૭ ના રોજ બપોરના ૧૬.૦૦ કલાક સુધીમાં નીચે જણાવ્યા મુજબના સરનામે મોકલી આપવાના રહેશે.
   "વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, નવસારી કૃષિ યુનિવર્સિટી, યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, નવસારી – ૩૯૬ ૪૫૦"

૬. દરખાસ્ત ઠરાવેલા સમય અને તારીખ સુધીમાં નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીને મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે.

૭. નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી કોઈપણ દરખાસ્ત સંપૂર્ણપણે અથવા તો આંશિક રીતે અથવા તો દરખાસ્ત સંબંધમાંના કોઈપણ પ્રતિભાવો અથવા રજૂઆતો સ્વીકારવા અથવા વિચારણા કરવા બંધાયેલી નથી અને નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી કોઈપણ દરખાસ્ત, પ્રતિભાવો અથવા રજૂઆતોનો અસ્વિકાર કરી શકે છે.

૮. કામગીરીનો વર્ક ઓર્ડર આપવાની કે ન આપવાની સત્તાનો અધિકાર નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી અબાધિત રાખે છે.

૯. પાર્ટીએ ભાવો તમામ ટેકસ સહિતના અને જે તે કચેરી બેઠાના આપવાના રહેશે.

૧૦. કામગીરી કરનાર પાર્ટીએ સરકારશ્રીના નીતિ નિયમો મુજબ ટેન્ડરની શરતો અને બોલીઓ માટે રૂા.૧૦૦/–ના સ્ટેમ્પ પેપર પર કરારનામું લખી આપવાનું રહેશે, જેનો ડ્રાફટ નવસારી કૃષિ યુનિવર્સિટી પાસેથી મેળવી લેવાનો રહેશે.

૧૧ સરકારશ્રી કે અન્ય સંસ્થાઓ તરફથી બ્લેક લીસ્ટમાં મુકેલ પાર્ટી ટેન્ડર ભરી શકશે નહીં. પાર્ટીના પ્રોપ્રાઈટરે પોતાની કંપનીને બ્લેક લીસ્ટમાં મુકવામાં આવેલ નથી તે સબબનું લેટર પેડ પર પ્રમાણપત્ર આપવાનું રહેશે. જો ઓર્ડર આપ્યા બાદ આ અંગે અત્રે જાણ થશે તો પાર્ટીને બ્લેક લીસ્ટ જાહેર કરીને કરાવેલ કામ અંગેનાં નાણાં ચૂકવવામાં આવશે નહી તેમ જ તેની સીકયુરીટી ડીપોઝીટ પણ જપ્ત કરવામાં આવશે.

૧૨. જે પાર્ટીના ભાવો માન્ય રખાશે તેને કામગીરીનો વર્ક ઓર્ડર આપવામાં આવશે. કામગીરીનો વર્ક ઓર્ડર આપ્યાની તારીખથી ૭ (સાત) વર્કીંગ દિવસમાં વર્ક ઓર્ડરના ૫ ટકા (%) પ્રમાણે પરફોર્મન્સ ગેરન્ટી (સીકયોરીટી ડીપોઝીટ) પેટે "Professor (P), T&V Scheme, DEE, NAU, Navsari"ના નામનો રૂા. ૨૫૦૦૦/–નો ડિમાન્ડ ડ્રાફટ આપવાનો રહેશે. જો પરફોર્મન્સ સંતોષજનક ન જણાય તો કમિટીની ભલામણ મુજબ આ રકમ જપ્ત કરવામા આવશે અન્યથા તે કોન્ટ્રાકટ પૂરો થયે પરત કરવામાં આવશે.

૧૩. સદરહું મંજૂર થયેલ ભાવો ઓર્ડર આપ્યાની તારીખથી ૨૪ માસ સુધીના રહેશે. યુનિવર્સિટીને યોગ્ય લાગશે તો સમયગાળો વધારી શકશે.

૧૪. પાર્ટીના સહી સિકકા યોગ્ય જગ્યાએ અને યોગ્ય રીતે થયેલ હોવા જોઈએ નહીતર આવું ટેન્ડર અમાન્ય ગણવામાં આવશે.

૧૫. વિડીયો ફિલ્મ બનાવવાની કામગીરી સમય મર્યાદામાં પુરી કરવામાં નહીં આવે તો યુનિવર્સિટી દ્વારા નિયુકત કમિટીના સભ્યો જે દંડાત્મક રકમ નકકી કરે તે કુલ બીલમાંથી કાપીને ચૂકવણું કરવામાં આવશે.

૧૬. વિડીયો ફિલ્મની ઓડિયો અને/અથવા વિડીયોની ગુણવત્તા નબળી જણાશે તો યુનિવર્સિટીની નિયુકત કમિટીની સૂચના મુજબ પરફોર્મન્સ ગેરંટીના નાણા જપ્ત કરવામાં આવશે.

૧૭. કામગીરી પૂર્ણ થયેથી જે તે યુનિવર્સિટી વિભાગના વડાના નામનું બીલ ત્રણ નકલમાં આપવાનું રહેશે.

૧૮. દસ્તાવેજોની યાદી નીચે મુજબ ક્રમશ ગોઠવણી કરીને ફરજીયાત પણે મોકલવાની રહેશે, નહીંતર ટેન્ડર ફોર્મને અધુરું ગણીને રદ કરવામાં આવશે.

  ૧. અર્નેસ્ટ મની ડિપોઝીટ (EMD) પેટે રૂા.૧૫૦૦૦/–નો ડિમાન્ડ ડ્રાફટ
  ૨. કંપનીનું નોંધણી પ્રમાણપત્ર
  ૩. છેલ્લા ત્રણ વર્ષના ઈન્કમ ટેક્ષ રીટર્ન વર્ષ ૨૦૧૪–૧૫, ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭
  ૪. પાન કાર્ડની નકલ
  ૫. જીએસટી (GST) નોંધણીનું સર્ટિફિકેટ
  ૬. સરકારી/અર્ધસરકારી/સહકારી સંસ્થા, દુરદર્શન કેન્દ્ર, કૃષિ યુનિવર્સિટી તરફથી કૃષિલક્ષી વિડીયો (દસ્તાવેજી ચિત્ર) તૈયાર કરવા માટે મળેલ વર્ક ઓર્ડરની નકલ
  ૭. અનુભવનું સર્ટિફિકેટ
  ૮. શૈક્ષણિક લાયકાત અંગેનું પ્રમાણપત્ર (કૃષિ સ્નાતક)
  ૯. કૃષિલક્ષી વિષયો પર વિડીયો ફિલ્મોની યાદી
  ૧૦. બ્લેક લીસ્ટમાં મુકવામાં આવેલ નથી તે સબબનું લેટર પેડ પર પ્રમાણપત્ર

## (બ) વિડીયો ફિલ્મ તૈયાર કરવાની શરતો અને બોલીઓ :

૧. કૃષિલક્ષી વિડીયો ફિલ્મ(દસ્તાવેજી ચિત્ર) તૈયાર કરવાની હોઈ એજન્સીના મુખ્ય પ્રોપ્રાઈટર કૃષિ અને સંલગ્ન વિષયની સ્નાતકની ડીગ્રી ધરાવતા હોવા જોઈએ.

૨. પાર્ટી પાસે ફિલ્મ તૈયાર કરવાનું જરૂરી પ્રોડકશન યુનિટ હોવું જોઈએ. આ યુનિટમાં હાઈ રિઝોલ્યુએશનના કેમેરા, એડીટીંગ ઈન્સ્ટ્રુમેન્ટસ અને નિષ્ણાંત ઓપરેટરો હોવા જરૂરી છે. આઉટ સોર્સીંગથી સદરહું કામગીરી કરી શકાશે નહિં.

૩. પાર્ટી પાસે છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કૃષિ યુનિવર્સિટી, દૂરદર્શન કેન્દ્ર, સરકારી તેમજ સહકારી સંસ્થાઓ માટે કૃષિલક્ષી વિડીયો ફિલ્મ(દસ્તાવેજી ચિત્ર) તૈયાર કરીને તેને પ્રસારિત કર્યાનો અનુભવ હોવો જોઈએ.

૪. પાર્ટીએ કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી ચિત્ર) તૈયાર કરવામાં રાષ્ટ્રીય કક્ષાની ગુણવત્તાનું સ્તર જાળવવાનું છે. આથી ઓછી લાયકાત કે ઓછો અનુભવ ધરાવતી પાર્ટીનું ટેન્ડર ધ્યાને લેવામાં આવશે નહી અને તે આપોઆપ રદ થશે.

૫. પત્રક નં. ૪ માં આપવામાં આવેલ ભાવ પત્રકની તમામ ૮ (આઠ) આઈટેમ્સના ભાવો ફરજિયાતપણે પાર્ટીએ ભરવાના રહેશે, નહીંતર ભાવપત્રક અધુરું ગણીને રદ કરવામાં આવશે.

૬. ભાવ પત્રકમાં દર્શાવેલ દરેક આઈટેમ્સના ઓછા ભાવોની યાદી તૈયાર કરવામાં આવશે અને $L_1$ પાર્ટીએ તે ઓછા ભાવોથી કૃષિલક્ષી વિડીયો ફિલ્મ તૈયાર કરવાની કામગીરી કરવાની રહેશે.

૭. યુનિવર્સિટીને જરૂરીયાત જણાશે તો પાર્ટીએ નિયત કરેલ સમિતિ સમક્ષ પ્રેઝન્ટેશન આપવાનું રહેશે અને સમિતિ પાર્ટી નકકી કરીને કામગીરીનો ઓર્ડર આપશે. વધુમાં યુનિવર્સિટી એક કરતા વધારે પાર્ટીઓ નકકી કરીને પેનલ પણ બનાવી શકાશે. આ અંગે સમિતિનો નિર્ણય આખરી ગણાશે અને આ બાબતને કોર્ટ મેટર બનાવી શકાશે નહીં.

૮. કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી ચિત્ર) ટેલીવીઝન ઉપરથી પ્રસારીત કરી શકાય તેવા ડીજીટલ ફોર્મેટમાં બનાવવાની રહેશે. જેની સુધારા વધારા કર્યા પછીની ફાઈનલ માસ્ટરકોપી ડીવીસી અથવા ડીવીસી પ્રોમાં આપવાની રહેશે અને સાથે ડીવીડી પાંચ કોપીમાં તેમજ મીની ડીવીડી એક કોપીમાં આપવાની રહેશે.

૯. સદર કામગીરી નવસારી કૃષિ યુનિવર્સિટીના વિવિધ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ કેન્દ્રો તેમજ કૃષિ મહોત્સવ અંતર્ગત કરવાની રહેશે. કૃષિ મહોત્સવ દરમ્યાન કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી ચિત્ર) તેમજ તેની નકલોની સંખ્યા વધુ હોઈ શકે છે. જયારે વર્ષ દરમ્યાન વિવિધ સંશોધન કેન્દ્રો/વિભાગો દ્વારા તૈયાર કરવામાં આવનાર કૃષિલક્ષી વિડીયો ફિલ્મ અને તેની નકલોની સંખ્યા તેઓની જરૂરીયાત મુજબની ઓછી માત્રામાં પણ હોઈ શકે છે.

૧૦. કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી ચિત્ર) માટેની સ્ક્રીપ્ટ અગાઉથી મંજૂર કરાવવાની રહેશે અને તે માટે સંબધિત કચેરીના વડાશ્રી સમક્ષ રજૂ કરીને તેમના સૂચનો મુજબ સુધારા વધારા કરવાના રહેશે. ત્યાર બાદ નિર્માણ કાર્ય શરૂ કરવાનું રહેશે.

૧૧. કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી ચિત્ર) જરૂરીયાત મુજબ સ્થાનિક બોલીમાં ગુજરાતી, હિન્દી તથા જરૂર જણાય ત્યાં અંગ્રેજી ભાષામાં તૈયાર કરવાની રહેશે ઉપરાંત જરૂર પડે તો સ્થાનિક ખેડૂત ભાઈઓ/ બહેનોના અવાજનો ઉપયોગ કરીને ડબીંગ કરવાનું રહેશે.

૧૨. યુનિવર્સિટીના રેટ કોન્ટ્રાકટ સિવાય પાર્ટીએ પોતાની રીતે તૈયાર કરેલ કૃષિલક્ષી વિડીયો ફિલ્મની ડીવીડીની એક નકલ (પ્લાસ્ટીક કવર અને સ્ટીકર પ્રિન્ટીંગ સાથે)ના ભાવ આપવાના રહેશે.

૧૩. યુનિવર્સિટી સાથે ભુતકાળમાં થયેલ/થનાર રેટ કોન્ટ્રાકટ હેઠળ પાર્ટીએ તૈયાર કરેલ કૃષિલક્ષી વિડીયો ફિલ્મની ડીવીડીની એક નકલ (પ્લાસ્ટીક કવર અને સ્ટીકર પ્રિન્ટીંગ સાથે)ના ભાવ આપવાના રહેશે.

૧૪. કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી ચિત્ર) તૈયાર થયા બાદ સંબધિત કચેરીના વડાશ્રી સમક્ષ રજૂ કરી તેમના સૂચનો મુજબ સુધારા વધારા કરવાના રહેશે.

૧૫. નિર્માતા દ્વારા તૈયાર થનાર કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી ચિત્ર)માં કોઈપણ પ્રકારની વ્યવસાયિક જાહેરાત કે પોતાની સંસ્થાની જાહેરાત દર્શાવી શકાશે નહીં.

૧૬. તૈયાર થનાર કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી ચિત્ર)ના તમામ કોપી રાઈટ તેમજ માલિકી હકકો નવસારી કૃષિ યુનિવર્સિટીના રહેશે.

૧૭. કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી ચિત્ર)ની આખરી મંજૂરી જે તે કચેરીના વડાશ્રી આપશે. ત્યારબાદ દરેક કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી ચિત્ર)ની વધારાની નકલો કચેરીના વડાશ્રી નકકી કરે તે પ્રમાણે રહેશે અને તે મુજબ તૈયાર કરવાની રહેશે.

૧૮. કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી ચિત્ર) માટે કોઈ એડવાન્સ નાણાં આપવામાં આવશે નહી.

૧૯. કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી ચિત્ર) તૈયાર કરવાના તમામ તબકકાની કામગીરીની તમામ જવાબદારી પાર્ટીની રહેશે અને યુનિવર્સિટી તરફથી તાંત્રિક માર્ગદર્શન સિવાય અન્ય કોઈ સગવડો/ સવલતો જેવી કે કેમેરો, વાહન, રહેવા–જમવાની વ્યવસ્થા વિ. પુરી પાડવામાં આવશે નહી.

ઉપરોકત શરતો અને બોલીઓ મેં બરાબર વાંચીને સમજી છે અને તે મને માન્ય છે.

સ્થળ : **ટેન્ડર ભરનાર પાર્ટીની સહી–સિકકો**

તારીખ :

# પત્રક નં. ૩

## એજન્સીની પ્રાથમિક માહિતી

| | | | |
|---|---|---|---|
| ૧. | એજન્સીનું નામ | : | |
| ૨. | કાયમી સરનામું | : | |
| ૩. | પત્રવ્યવહારનું પુરૂં સરનામું | : | |
| ૪. | સંપર્ક | | |
| | મોબાઈલ નંબર | : | |
| | ઓફિસનો લેન્ડલાઈન નંબર | : | |
| | ફેકસ નંબર | : | |
| | ઈ–મેઈલ | : | |
| ૫. | અર્નેસ્ટ મની ડિપોઝીટ (EMD) ડિમાન્ડ ડ્રાફટ | | |
| | રકમ | : | |
| | ડિમાન્ડ ડ્રાફટ નંબર | : | |
| | તારીખ | : | |
| | બેંકનું નામ | : | |
| ૬. | પાન કાર્ડ નંબર | : | |
| ૭. | જીએસટી (GST) નંબર | : | |
| ૮. | અનુભવની વિગત | : | |

ઉપરોકત વિગત મારી જાણ મુજબ બરાબર છે.

**ટેન્ડર ભરનારની સહી**
**(નામ તથા હોદ્દાના સિકકા સાથે)**

# પત્રક નં. ૪

## કૃષિલક્ષી વિડીયો ફિલ્મ(દસ્તાવેજી ચિત્ર)તૈયાર કરવા માટેનું ભાવ પત્રક

| અ.નં | કૃષિલક્ષી વિડીયો ફિલ્મનો સમયગાળો/વિગત | નંગ | ભાવ રૂા. (તમામ ટેક્ષ સહિતના) |
|---|---|---|---|
| ૧. | ૧૦ મિનિટ સુધીની ફિલ્મ | – | |
| ૨. | ૧૧ થી ૧૫ મિનિટ સુધીની ફિલ્મ | – | |
| ૩. | ૧૬ થી ૨૦ મિનિટ સુધીની ફિલ્મ | – | |
| ૪. | ૨૧ થી ૩૦ મિનિટ સુધીની ફિલ્મ | – | |
| ૫. | ૩૧ થી ૪૫ મિનિટ સુધીની ફિલ્મ | – | |
| ૬. | ૪૫ મિનિટથી વધુ સમયની ફિલ્મ | – | |
| ૭. | યુનિવર્સિટીના રેટ કોન્ટ્રાકટ સિવાય પાર્ટીએ પોતાની રીતે તૈયાર કરેલ કૃષિલક્ષી વિડીયો ફિલ્મની ડીવીડીની એક નકલ (પ્લાસ્ટીક કવર અને સ્ટીકર પ્રિન્ટીંગ સાથે)ના ભાવ | ૧ | |
| ૮. | યુનિવર્સિટી સાથે ભુતકાળમાં થયેલ/થનાર રેટ કોન્ટ્રાકટ હેઠળ પાર્ટીએ તૈયાર કરેલ કૃષિલક્ષી વિડીયો ફિલ્મની ડીવીડીની એક નકલ (પ્લાસ્ટીક કવર અને સ્ટીકર પ્રિન્ટીંગ સાથે)ના ભાવ | ૧ | |

**ટેન્ડર ભરનારની સહી**
**(નામ તથા હોદ્દાના સિકકા સાથે)**